# ગૂજરાત વિદ્યાપીઠ
## સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક વિદ્યાશાખા
## મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય સંકુલ








### વિદ્યાપીઠનો પરિચય




ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૮ ઓક્ટોબર, ૧૯૨૦ ના રોજ ગાંધીજીના હસ્તે રાષ્ટ્રીય વિદ્યાપીઠ તરીકે થઇ હતી. ગૂજરાત વિદ્યાપીઠના મૂલ્ય શિક્ષણ આધારિત પ્રયોગોના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વના પ્રદાનનાં કારણે ભારત સરકારે ઈ.સ. ૧૯૬૩ માં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે અધિનિયમ હેઠળ ગૂજરાત વિદ્યાપીઠને યુનિવર્સીટીનો દરજ્જો આપ્યો. ગાંધીજીના આદર્શો મુજબ દેશનાં નવઘડતરના કાર્યક્રમોના સંદર્ભમાં શિક્ષણ દ્વારા ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી તથા કર્તવ્યનિષ્ઠ કાર્યકરો તૈયાર કરવા તે આ સંસ્થાનો પાયાનો ઉદ્દેશ રહ્યો છે. આજના પરિવર્તનશીલ સમયમાં પણ ગૂજરાત વિદ્યાપીઠના ઉદ્દેશોને મજબુત રાખવાની સન્નિષ્ઠ કોશિશ થઇ રહી છે. ગાંધીવિચારના વિકાસ અને અમલ માટે શિક્ષણનાં વિવધ ક્ષેત્રોમાં સંશોધન, તાલીમ તથા વિસ્તરણના પ્રયોગો વિદ્યાપીઠની નિસ્બત રહી છે.

### પરિસર અંગે

- સમાજકાર્ય વિભાગ ગૂજરાત વિદ્યાપીઠમાં 1970થી શરુ કરવામાં આવ્યો છે, જે ગુજરાતમાં વ્યાવસાયિક સમાજકાર્યનાં શિક્ષણનાં ક્ષેત્રમાં મુળ નાંખનાર પાયાની યુનીવર્સીટીઓ પૈકીની એક છે.
- ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદનાં આશ્રમરોડ પર રમણીય કુદરતી પર્યાવરણ ધરાવે છે. વિશાળ

### ચાલતા અભ્યાસક્રમો

| અભ્યાસક્રમ | સમયગાળો | લઘુત્તમ જરૂરિયાત |
|---|---|---|
| સમાજકાર્ય અનુસ્નાતક M.S.W | બે વર્ષ | કોઇ પણ વિષયમાં સ્નાતક |
| સમાજકાર્ય મનોચિકિત્સકીય અનુસ્નાતક M.P.S.W | બે વર્ષ | મનોવિજ્ઞાનમાં સ્નાતક વિષયને પ્રધાનતા |
| સમાજકાર્ય અનુપારંગત M.Phil | એક વર્ષ | સમાજકાર્ય અનુસ્નાતક |
| સમાજકાર્ય વિદ્યાવાચસ્પતી Ph.D | ત્રણ વર્ષ | અનુસ્નાતક/ અનુપારંગત |

### ઉજ્વળ તક

સમાજકાર્ય અનુસ્નાતક(M.S.W.)નો અભ્યાસ કરનારને સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ તથા સરકાર દ્વારા ચાલતા પ્રોજેક્ટમાં નોકરી મળે છે. તે ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળવિકાસ,આરોગ્ય વિભાગ,અનુસુચિતજાતિ,અનુસુચિત જનજાતિ વિકાસ, ગ્રામવિકાસ જેવા વિવિધ સરકારી વિભાગોમાં વર્ગ -1, વર્ગ-2 અને વર્ગ -3ની કાયમી જગ્યાઓ ઉપર નોકરીઓમાં ઉજળી તકો છે.વિદ્યાપીઠનાં શિક્ષણથી વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરિક્ષાઓ માટેની ક્ષમતાઓ કેળવી લે છે .જેઓ અભ્યાસ પુરો કરીને પોતાની સંસ્થા શરૂ કરવા માંગે છે તેને માટે જરુરી ક્ષમતા વિકસાવવામાં આ અભ્યાસ મદદરુપ થાય છે.વિભાગ દ્વારા પ્લેસમેન્ટનાં પ્રયત્નો થાય છે. અત્યાર સુધીનો અનુભવ છે કે નોકરી કરવા ઇચ્છતા તમામ

**પ્રવેશ જાહેરાત(2019-20)**
**MSW- સમાજકાર્ય અનુસ્નાતક**
**ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ**
Accredited with Grade "A" by NAAC

જરૂરી લાયકાત:-
1. કોઈપણ વિદ્યાશાખા કે વિષયમાં સ્નાતક (Graduate) કક્ષાએ 55%એ ઉત્તીર્ણ થયેલ હોય, તે અનિવાર્ય છે.
2. જે વિદ્યાર્થીઓની TYની માર્કશીટ ન આવી હોય, તેઓ SYની માર્કશીટનાં આધારે પ્રવેશ ફોર્મ ભરીને પરીક્ષા આપી શકશે.
3. SC/ST/OBC વિદ્યાર્થીઓને નિયમ મુજબ પ્રવેશ માટે જણાવેલ ટકાવારીમાં 5%ની છૂટછાટ મળી શકશે.

પ્રવેશ ફોર્મ મેળવવા બાબત:-
1. સમાજકાર્ય(MSW)માં પ્રવેશ માટેનું ફોર્મ ગૂજરાત વિદ્યાપીઠની વેબ સાઈટ પરથી અને પ્રવેશ કાર્યાલય માંથી રૂબરૂ આવીને તા-08/05/2019થી તા-15/06/2019 દરમ્યાન On Line ભરી શકશો.

પ્રવેશ પરીક્ષા:-
1. લેખિત પરીક્ષા, તા- 22/06/2019 ને શનિવાર યોજાશે
2. રૂબરૂ મુલાકાત માટેની મેરીટ યાદી, તા-25/06/2019 ને મંગળવારે મુકાશે
3. રૂબરૂ મુલાકાત, તા- 27/06/2019 ને ગુરુવાર યોજાશે

પ્રવેશ જાહેરાત અને ફી માળખું:-
1. તા-28/06/2019ને શુક્રવારે પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે.
2. તા-01/07/2017ને સોમવારે પ્રવેશ ફી સાથે હાજર થવાનું રહેશે.

પુસ્તકો અને સામાયિકો ધરાવતી લાયબ્રેરી, સ્વીમીંગપુલ, રમતનું મેદાન, યોગ, વિવિધ ભાષાઓ શીખવા માટેની વ્યવસ્થા તથા આરોગ્ય અને કાઉન્સેલીંગની સુવિધાઓ ઉપલબ્ધ છે, અહીં વિદ્યાર્થીને પોતાની તમામ શક્તિઓ વિકસાવવા માટેની સંભાવનાઓ છે.

વિદ્યાર્થીઓને માટે છાત્રાલય ફરજીયાત છે, છોકરાઓ તથા છોકરીઓનાં નિવાસ માટેની પુરતી સગવડ ધરાવતા છાત્રાલયની વ્યવસ્થા છે.વિદ્યાપીઠમાં માત્ર પુસ્તકીયું શિક્ષણ નહીં પરંતુ વિષયનાં ઉત્તમ શિક્ષણની સાથે સાથે જીવનલક્ષી કેળવણીને એટલું જ મહત્વ આપવામાં આવે છે, જે કેળવણી છાત્રાલય જીવનમાં થાય છે. વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ માટે વિવિધ કૌશલ્ય અને વિચાર ઘડતર માટેની શિબિરોનું આયોજન થાય છે. જેમાં વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે છે. મુલ્ય ઘડતર સાથે અને જરુરી નિયમો પ્રમાણે કેળવણીનાં પ્રયત્નો થતા હોવાથી સહશિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ એક જ પરિસરમાં આવેલા અલગ છાત્રાલયોમાં રહે છે,ભણે છે,વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરે છે.,જ્યાં વિદ્યાર્થીનીઓ પોતાને સલામત અનુભવે છે.

વિદ્યાર્થીઓને નોકરી મળી જાય છે. વિભાગમાં અનુભવી પ્રોફેસરો છે, જેઓ દરેક પોતાનાં વિષયોમાં નિષ્ણાંત છે. વિભાગ અને વિદ્યાપીઠનાં સામાજિક ક્ષેત્રે સંસ્થાઓ સાથે કામ કરવાનાં સંબંધોને પરિણામે ક્ષેત્રકાર્યનાં ખુબ ઉત્તમ અનુભવો વિદ્યાર્થીઓને મળે છે. વિદ્યાપીઠમાં અભ્યાસ કરનાર સમાજકાર્ય માટે જરુરી મુલ્યો, જ્ઞાન, અને કુશળતાઓ પ્રાપ્ત કરે છે. સમાજ માટે જરુરી એવા સંવેદનશીલ સમાજ કાર્યકર તૈયાર કરવા ઉપર ભાર મુકવામાં આવે છે, જેનાં પરિણામે નોકરીનાં ક્ષેત્રમાં વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓ પસંદગીમાં અગ્રતાક્રમે હોય છે. આજે M.S.W. નો અભ્યાસ કર્યા પછી ખાત્રી સાથે નોકરી મળશે તેવું કહેનાર ખુબ ઓછી કોલેજો છે.યુજીસી અનુદાનિત યુનિવર્સિટીને કારણે વિદ્યાર્થીને શિક્ષણ માટે ખર્ચ સ્વનિર્ભર કોલેજો કરતાં ખુબ ઓછો થાય છે. જેમને પોતાની કેરિયર માટે ખુબ મહેનત કરીને પોતાની ક્ષમતાઓ કેળવવી છે તેઓ અહીં જ શિક્ષણ મેળવવાનું પસંદ કરે છે. અહીં મોટી ફી આપીને સલામતીપુર્વક પ્રવેશ મેળવનારને બદલે પસંદગીથી અને પ્રવેશ પરીક્ષા મહેનતપુર્વક પાસ કરીને પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર આવે છે. આપ પણ વિદ્યાપીઠમાં M.S.W. નો અભ્યાસ કરીને કારકિર્દી બનાવો.

**गूजरात विद्यापीठ का ध्येय मन्त्र**

"सा विद्या या विमुक्तये"।